# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૫ (A) તા.૧૫-૯-૧૭

**તમામ જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગતની મ્યુનિ.શાળાઓ માટે જ :-**

વિષય :- 'જ્ઞાનકુંજ' પ્રોજેક્ટ અંતર્ગતની શાળાઓમાં ઈન્ટરેકટીવ વર્ગખંડ શિક્ષણકાર્ય પદ્ધતિ માટે પ્રોજેક્ટ અમલીકરણ અંગેની ખાસ સૂચિકા.

સંદર્ભ :- એસપીડીશ્રી, એસ.એસ.એ.ની કચેરીના પત્રક્રમાંક SSS/MIS/gyankunj/2017 B6878-914 તા.૧૪-૯-૧૭નો પત્ર.

આથી ઉપરોકત વિષય અન્વયે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદની તમામ ૩૭ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓ તથા સ્ટાફને આ સાથે બિડાણમાં સંદર્ભિત પત્રથી આપેલ ખાસ સૂચિકા મોકલવામાં આવે છે. આ સૂચિકાની સૂચનાઓ અને માર્ગદર્શિકાનું ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

તા.૧૫-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

બિડાણ : સંદર્ભ દર્શિત સૂચિકા

सत्यमेव जयते

**સંદીપ કુમાર,** આઈ.એ.એસ.
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &**
**કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ**

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**નં. એસએસએ/MIS/૧૭/**
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,**
**સર્વ શિક્ષા અભિયાન,**
**સેક્ટર–૧૭, ગાંધીનગર**

**તા. .૦૯.૨૦૧૭**
ફોન નંબરઃ (૦૭૯) ૨૩૨૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com

ક્રમાંક: SSA/MIS/GYANKUNJ/2017/35૯૦૯-૯૧૪ તા. ૧૪/૯/૨૦૧૭

પ્રતિ,

આચાર્યશ્રી,

જિલ્લાઃ તમામ

વિષયઃ ગુજરાતની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરેક્ટિવ વર્ગખંડ શિક્ષણકાર્ય પધ્ધતિ માટે "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ અમલીકરણ અંગેની ખાસ સૂચિકા

સંદર્ભઃ (૧) અત્રેની કચેરીના વર્કઓર્ડર ક્રમાંકઃ SSA/MIS/2017/25832-33 તા.૦૫/૦૭/૨૦૧૭

(૨) અત્રેની કચેરીના વર્કઓર્ડર (Amendment) ક્રમાંકઃ SSA / MIS / 2017 / 26853-54 તા.૧૩/૦૭/૨૦૧૭

## <u>પ્રોજેક્ટ વિશેની માહિતી</u>

**"જ્ઞાનકુંજ" નો મુખ્ય હેતુઃ**

**<u>"ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ (GCEE), શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ગુજરાતની ૧,૬૦૯ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન (SSA) હેઠળ શાળા કક્ષાએ હાલમાં ફાળવવામાં આવનાર પ્રોજેક્ટર, લેપટોપ, ઈન્ફ્રારેડ કેમેરા અને સંલગ્ન સોફ્ટવેરના સંકલિત ઉપયોગથી ઈન્ટરેક્ટિવ વર્ગખંડ શિક્ષણ પધ્ધતિથી શિક્ષણ આપવું"</u>**

આજના ડિજીટલ યુગના સમયમાં શિક્ષણ ક્ષેત્રે નવી નવી શિક્ષણ પધ્ધતિઓ, ટેકનીક્સ તેમજ અન્ય નૂતન અભિગમો અમલી બનાવીએ તે સમયની માંગ છે. આજના યુગનો વિદ્યાર્થી વધુ ચપળ અને ટેકનોલોજીથી વાકેફ હોય છે ત્યારે શિક્ષક પણ ટેકનોલોજીથી વાકેફ જ નહિ પરંતુ તેનાથી જાણકાર હોવો જરૂરી છે. ઉપરોક્ત અપેક્ષા સિદ્ધ થઇ શકે તે હેતુથી ગુજરાત રાજયમાં એક નવી પહેલ ઈન્ટરેક્ટિવ વર્ગખંડ શિક્ષણકાર્ય પધ્ધતિ 'જ્ઞાનકુંજ' અમલી બનવા જઇ રહેલ છે.

ડિજીટલ શિક્ષણ ક્ષેત્રે ગુજરાત રાજયની કામગીરીને વેગ આપવા માટે "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ મોડલ વિકસાવવામાં આવેલ છે. જે ટેકનોલોજીના વિવિધ સાધનો જેવા કે પ્રોજક્ટર, ઈન્ફ્રારેડ કેમેરા, લેપટોપ,

સ્પીકર, વ્હાઈટ બોર્ડ વગેરેની મદદથી શીખવા-શીખવવાની પ્રક્રિયા અને વર્ગખંડ ઈન્ટરેક્ટિવિટીમાં અભિવૃધ્ધિ કરવા માટેનો એક ડિજીટલ શિક્ષણ કાર્યક્રમ છે. જે અંતર્ગત વર્ગખંડમાં જ ટેકનોલોજીના ઉપયોગથી શીખવા-શીખવાવાની પ્રક્રિયા અને મૂલ્યાંકનને વધુ ગુણવત્તા સભર બનાવવાનું આયોજન છે.

**(૧) અમલીકરણ એજન્સી:**

- ઉપરોક્ત પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યની કુલ ૧,૬૦૯ શાળાઓના ધો. ૭ અને ધો.૮ના કુલ ૩,૧૭૩ વર્ગખંડોમાં પ્રોજેક્ટર, લેપટોપ, ઈન્ફ્રારેડ કેમેરા, સ્પીકર, વાયરલેસ રાઉટર, વ્હાઈટ બોર્ડ અને સંલગ્ન સોફ્ટવેરના સપ્લાય, ઈન્સ્ટોલેશન, મેઈન્ટેનન્સ, શિક્ષક તાલીમ અને ત્રણ માસ માટે શાળા કક્ષાએ ટેક્નિકલ સપોર્ટ પર્સન (TSP) દ્વારા હેન્ડ-હોલ્ડિંગ માટે એજન્સી M/s. IL&FS Education & Technology Services Ltd નિયત કરવામાં આવેલ છે.

**(૨) ટેક્નિકલ સર્વિસ પર્સન (TSP) દ્વારા હેન્ડ-હોલ્ડિંગ અને શિક્ષક તાલીમ:**

- ઉપરોક્ત પ્રોજેક્ટ અંતર્ગત અભ્યાસક્રમના દરેક વિષયના દરેક એકમની ટેકનોલોજીના માધ્યમથી સરળ રીતે સમજુતી વર્ગખંડમાં જ આપી શકાય તે માટે શાળા કક્ષાના વિષય શિક્ષકોને (Subject Teachers) ને તાલીમ આપવામાં આવશે.
- પ્રથમ ત્રણ માસના હેન્ડ હોલ્ડિંગ સમયગાળા દરમિયાન એજન્સીના ટેક્નિકલ સર્વિસ પર્સનલ (TSP) દ્વારા ઓનસાઈટ જે તે શાળા કક્ષાએ જ તાલીમ આપવામાં આવશે.
- ધો.૭ અને ૮ના વિષય શિક્ષકોને નિયત તાલીમ મોડ્યુલ આધારિત (1) Basic level, (2) Comfort level અને (3) Expertise level એમ ત્રિ-સ્તરીય તાલીમ આપવામાં આવશે.
- ઉપરોક્ત પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ સાધનો અને ઈ-કન્ટેન્ટના ઉપયોગથી વર્ગખંડ કાર્ય, બાળકોનું મૂલ્યાંકન, ઓપન સોર્સ રીસોર્સીસ- ફ્રી ઈ-કન્ટેન્ટનો ઉપયોગ તેમજ ઈ-કન્ટેન્ટ-ઓડિયો-વિડીયો કન્ટેન્ટ નિર્માણ જેવી બાબતોમાં શિક્ષકોને સક્ષમ બનાવવાનું સર્વગ્રાહી આયોજન છે.

**(૩) પ્રોજેક્ટ અંતર્ગત શાળા ખાતે ધો.૭ના ૧ (એક) અને ધો.૮ના ૧(એક) એમ કુલ ૨(બે) વર્ગખંડોને પ્રતિ વર્ગખંડ નીચે મુજબની સાધનસામગ્રી આપવામાં આવશે:**

| ક્રમ | સાધનોની માહિતી | સાધનોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ધો-૭ | ધો-૮ |
| ૧ | પ્રોજેક્ટર | ૦૧ | ૦૧ |
| ૨ | લેપટોપ | ૦૧ | ૦૧ |
| ૩ | ઈન્ફ્રારેડ કેમેરા | ૦૧ | ૦૧ |
| ૪ | સ્પીકર | ૦૧ | ૦૧ |
| ૫ | વ્હાઈટ બોર્ડ | ૦૧ | ૦૧ |
| ૬ | ઈલેક્ટ્રિફિકેશન અને કેબલિંગ | જરૂરિયાત મુજબ | જરૂરિયાત મુજબ |
| ૭ | વાયરલેસ રાઉટર (પ્રતિ શાળા-શાળાદીઠ એક) | ૦૧ | |

## (૪) પસંદગી પામેલ એજન્સી દ્વારા કરવાના થતા કામો:
## (Scope of Work for Selected Agency)

- શાળા કક્ષાએ વર્ગખંડ દીઠ આપવાની થતી તમામ સાધન-સામગ્રી (ઇલેક્ટ્રિફિકેશન, કેબલીંગ સાથે) સારી રીતે પહોંચાડવી, ઈન્સ્ટોલેશન કરવું, ઈન્સ્ટોલેશન રીપોર્ટ આપવો તેમજ પ્રોજેક્ટ સંકલ્પનાને અનુરૂપ ઈન્ટરેક્ટિવ શિક્ષણ કાર્ય માટે તમામ સાધન-સામગ્રીને સંકલિત ઉપયોગ માટે સજ્જ કરવી.
- પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલેશન-કમિશનિંગની કામગીરી પૂર્ણ થયેથી ત્રણ માસના સમયગાળા માટે શાળા દીઠ ૧ (એક) પૂર્ણ સમયના ટેકિનકલ સર્વિસ પર્સન (TSP)ની નિમણૂંક કરવી. જેના દ્વારા શિક્ષકોને તાલીમ અને હેન્ડ હોલ્ડિંગ સપોર્ટ આપવો.
- પ્રોજેક્ટ અંતર્ગત ત્રણ વર્ષ માટે તમામ સાધન-સામગ્રીની સારસંભાળ રાખવી તેમજ કાર્યરત સ્થિતિમાં રાખવા.
- રાજ્ય કક્ષાએ 'જ્ઞાનકુંજ પ્રોજેક્ટના' અસરકારક અમલીકરણ માટે એક ઓફિસ બનાવવી અને પ્રોજેક્ટ મેનેજરની નિમણૂંક કરવી.
- ચોરી, આગ અને કુદરતી આપત્તિઓથી સાધન-સામગ્રીને વીમા કવચથી સુરક્ષિત કરવી.
- શાળામાં વિજ વોલ્ટેજની વધઘટની સમસ્યાને લીધે હાર્ડવેર સાધનોને નુકસાન થતું અટકાવવા માટે ફ્યુઝ સાથે સર્જ પ્રોટેક્ટર એક્સ્ટેંશન બોર્ડ પૂરું પાડવું.
- પ્રોજેક્ટ સમયગાળાના ત્રણ વર્ષ દરમ્યાન પ્રોજેક્ટર સંપુર્ણપણે કાર્યરત રહે અને ગુણવત્તાયુક્ત પ્રોજેક્શન આપે તે સુનિશ્ચિત કરવા એજન્સી પ્રોજેક્ટર સાથે લેમ્પ કીટ પૂરી પાડવી.
- સાધન-સામગ્રી કેવી રીતે ચાલુ કરવી, કે બંધ કરવી તેમજ તમામ સાધનોના સંકલિત ઉપયોગથી કેવી રીતે શૈક્ષણિક કાર્ય કરાવવું અને મુશ્કેલી પડે તો શું કરવું -શું ન કરવું તેનાથી શાળાના શિક્ષકોને વાકેફ કરાવવા.
- પ્રોજેક્ટ અંતર્ગત સાધન-સામગ્રીને લગતી હાર્ડવેર-સોફ્ટવેર તેમજ અન્ય સમસ્યા માટે ફરિયાદ કઈ રીતે નોંધાવવી તેમજ ફરિયાદ ટોકન નંબરથી શિક્ષકોને વાકેફ કરવા.
- ફરિયાદનું નિરાકરણ ન થાય તો ક્યાં અને કેટલા સમયે ફરિયાદ કરવી તેની જાણકારી શિક્ષકોને આપવી.
- જરૂરિયાત પ્રમાણે અને નક્કી કરેલ સમયગાળા પ્રમાણે રીપોર્ટીંગ કરવું.
- પ્રોજેક્ટના ત્રણ વર્ષના સમયગાળા માટે શાળાની ફરિયાદના નિવારણ માટે ટોલ ફ્રી નંબર સાથે હેલ્પ ડેસ્કની સુવિધા આપવી.
- તમામ શાળા કક્ષાએ TSPની હાજરીનું રજીસ્ટર, મેઈન્ટેનન્સ અને ફરિયાદ લોગ રજીસ્ટર, સાધન-સામગ્રી બંધ રહ્યા અંગેનું રજીસ્ટર, પાયાગત સમસ્યા નિવારણ માટેની ગાઈડ (Quick Troubleshooting Guide), સાધન-સામગ્રીની યાદી અને ફ્રી સર્વિસ તારીખો, પ્રિવેન્ટીવ મેઈન્ટેનન્શ અને શિક્ષક તાલીમ સમયપત્રક, ઈન્ટરેક્ટિવ વર્ગખંડ સાધન-સામગ્રીના તાસવાર ઉપયોગ અંગેનું લોગ રજીસ્ટર પહોંચાડવું.

- આ રજીસ્ટર સંલગ્ન વિગતો તેમજ પ્રોજેક્ટ અંતર્ગત પ્રગતિની સ્થિતિ તમામ કક્ષાએ મોનિટરીંગ અને સમીક્ષા માટે ઉપલબ્ધ રહે તે માટે ઓનલાઇન મોનિટરીંગ સીસ્ટમમાં શિક્ષક / આચાર્યશ્રી મારફત સમજ આપવી.

<u>તાલીમની વિગતો:</u>

પ્રોજેક્ટ અંતર્ગત સમાવિષ્ટ શાળાઓના શિક્ષકોને નિયત કરેલ તાલીમ મોડ્યુલ પ્રમાણે સર્વગ્રાહી તાલીમ આપવાની રહેશે.

ધો.૭ અને ૮ના વિષય શિક્ષકોને નિયત તાલીમ મોડ્યુલ આધારિત (1) Basic level, (2) Comfort level અને (3) Expertise level એમ ત્રિ-સ્તરીય તાલીમ આપવાની રહેશે.

તાલીમ જે તે શાળા કક્ષાએ પ્રથમ ત્રણ માસના હેન્ડ હોલ્ડિંગ સમયગાળા દરમિયાન આપવાની રહેશે.

- તાલીમ અંતર્ગત એજન્સી નીચે મુજબના પરિણામો સિદ્ધ કરવા માટે જવાબદાર રહેશે:
  - શિક્ષકોને જ્ઞાનકુંજ સાધન-સામગ્રીનો ઈન્ટરેક્ટિવ અધ્યયન-અધ્યાપન વર્ગખંડ પ્રક્રિયા અને પેડાગોજી માટે ઉપયોગ કરવા તેમજ સોફ્ટવેર ઈન્સ્ટોલેશન-ઓપરેટ કરવા માટે સક્ષમ બનાવવા.
  - શિક્ષકો ઉપલબ્ધ સોફ્ટવેરની મદદથી તેમના લેશન પ્લાન બનાવી શકે તે માટે સક્ષમ બનાવવા.
  - ઈન્ટરનેટની મદદથી ઓપનસોર્સ રીસોર્સીસ - ફ્રી કન્ટેન્ટ તેમજ ઈ-કન્ટેન્ટ-ઓડિયો-વિડીયો કન્ટેન્ટ નિર્માણ જેવી બાબતોમાં શિક્ષકોને સક્ષમ બનાવવા
  - હાર્ડવેરની મૂળભુત સમસ્યા નિવારણ (basic trouble shooting) કરવા શિક્ષકોને સજ્જ બનાવવા.
  - તાલીમ અંતર્ગત હેન્ડ્સ - ઓન- પ્રેક્ટિકલ તાલીમ અને વર્ગખંડ તાલીમનો સમાવેશ કરવો.
  - તાલીમ મોડ્યુલ તમામ શિક્ષકોને ઉપલબ્ધ કરાવવા.
  - તાલીમના અંતે અપેક્ષિત પ્રશ્નો અને જવાબના સેટ પુરા પાડવા.

<u>પ્રોજેક્ટ મેનેજરની વિગતવાર જવાબદારી:</u>

- ઉચ્ચતર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટેના આ જ્ઞાનકુંજ પ્રોજેક્ટમાં હાર્ડવેર, સોફ્ટવેર, શિક્ષકોની તાલીમ અને હેન્ડ-હોલ્ડિંગ તેમજ મેઈન્ટેનન્સ અને અન્ય સર્વિસ સાથેની અમલીકરણની તમામ જવાબદારી પ્રોજેક્ટ મેનેજરની રહેશે.
- શાળાના આચાર્યશ્રી, શિક્ષકો અને ટેક્નિકલ સર્વિસ પર્સનલ (TSP)ની સાથે સંપર્કમાં રહી આ પ્રોજેક્ટનું સતત મોનિટરીંગ અને રીપોર્ટીંગ કરવાનું રહેશે.
- ટેક્નિકલ સર્વિસ પર્સનલ (TSP)ની કામગીરી અને હાજરી-નિયમિતતાનું મોનિટરીંગ કરવું અને તે અંગે રીપોર્ટીંગ કરવું.

- દર અઠવાડિયે બેઠકનું આયોજન કરી પ્રોજેક્ટની સમીક્ષા કરવી અને પ્રોજેક્ટના અમલીકરણમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવી અને નિયમિત ઉચ્ચ કક્ષાએ જાણ કરવી.
- સાધન-સામગ્રીના મુળ મેન્યુફેક્ચરર્સ-સપ્લાયર્સ સાથે વ્યવસ્થાપન અને સંકલન વ્યવસ્થા ગોઠવી પ્રોજેક્ટની જરૂરિયાત મુજબ તમામ સાધન-સામગ્રીને (Highest Uptime) કાર્યરત સ્થિતિમાં રાખવા
- ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં નિયમિત મુલાકાત કરવી તથા આચાર્યશ્રી અને શિક્ષકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવી.
- તમામ ઉપકરણો સુવ્યવસ્થિત રીતે જાળવણી કરાવવા જેથી તમામ ઉપકરણો ચાલુ હાલતમાં (Ready to use) રહે.
- સમયસર માહિતી, રીપોર્ટ એકત્રિત કરવા અને મેનેજમેન્ટ ઇન્ફોર્મેશન સીસ્ટમ મારફત રાજ્ય, જિલ્લા, બ્લોક અને કલસ્ટર ખાતે માસિક રીપોર્ટિંગ કરવું.
- તમામ Escalated issues / Alerts માટે એક થી બે દિવસમાં જરૂરી કાર્યવાહી હાથ ધરી તાત્કાલિક નિરાકરણ આપવું.
- શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવું.
- ઉચ્ચ અધિકારીશ્રીઓની પ્રોજેક્ટ રીવ્યું બેઠકમાં અદ્યતન માહિતી સાથે હાજર રહેવું.

<u>શાળા કક્ષાએ ટેક્નિકલ સર્વિસ પર્સન (TSP)ની વિગતવાર જવાબદારી: (ત્રણ માસ માટે)</u>

- તમામ હાર્ડવેર અને સોફ્ટવેર ચાલુ હાલતમાં (Operational Condition) માં રાખવા, શાળા ખાતે જ જે તે શાળાના શિક્ષકોને તાલીમ (on the spot training) અને શિક્ષકો સાથે હેન્ડ-હોલ્ડિંગથી શિક્ષકોને ઇ-કન્ટેન્ટ અને સાધન-સામગ્રીની મદદથી ઇન્ટરેક્ટિવ શૈક્ષણિક કાર્ય માટે સજ્જ કરવા.
- ત્રણ માસના સમયગાળામાં શિક્ષકોને તાલીમ આપવા આયોજન અને વ્યવસ્થા કરવી.
- ઇ-કન્ટેટ અપ ટુ ડેટ સ્થિતિમાં કાર્યરત રહે તે સુનિશ્ચિત કરવું.
- ઈ-કન્ટેન્ટના ઇન્સ્ટોલેશન, ઉપયોગ અને નિયમિત મોનિટરીંગ માટે જવાબદાર રહેશે.
- કોમ્પ્યુટર તાલીમ કે મલ્ટિમીડિયા અને અન્ય બાબતોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને મદદ કરવાની કરવાની રહેશે.
- શાળાના શિક્ષકોને પુરતી તાલીમ આપવી જેથી વર્ગખંડમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના હાર્ડવેરનો સ્વતંત્ર રીતે ઉપયોગ કરી શકે તેમજ તેને લગતી નાની મોટી મુશ્કેલીઓ દૂર કરી શકે.
- શૈક્ષણિક કામગીરી માટે શાળાના મુખ્ય શિક્ષક સાથે ચર્ચામાં સહભાગી થવું.

- શૈક્ષણિક કામગીરીની નીચેની વિગતે સમીક્ષા કરવી:
  - શૈક્ષણિક સત્ર આયોજન
  - વિદ્યાર્થીઓની હાજરી અને નિયમિતતા

- ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અસરકારક ઉપયોગ બાબતે મોનિટરીંગ અને મદદ કરવી.
- તમામ હાર્ડવેરનો બંધ રહ્યા અંગેનો સમય (Downtime) નક્કી કરવો અને તે ઓછામાં ઓછો રહે તે સુનિશ્ચિત કરવું.
- ફરિયાદ નોંધાવવી અને રીપોર્ટીંગ કરવું.
- હેલ્પડેસ્ક, મેઈન્ટેનન્શ અને સર્વિસ અંગેના સંપર્ક નંબર અને ટોલ ફ્રી નંબર શાળા કક્ષાએ ઉપલબ્ધ કરાવવા.
- તમામ રજીસ્ટર, ફાઈલ, સોફ્ટવેર મેઈન્ટેઈન કરવા તેમજ ઈન્ચાર્જ શિક્ષક સાથે ખરાઈ કરાવવી.
- પ્રિવેન્ટિવ મેઈન્ટેનન્શ સમયાંતરે કરાવવું.
- વર્ગખંડ ઈન્ચાર્જ શિક્ષક અને મુખ્ય શિક્ષકશ્રી દ્વારા મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સીસ્ટમ અંતર્ગત પ્રોજેક્ટની પ્રગતિની વિગતો સમયાંતરે આપવી.

<u>શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) શાળાના આચાર્યશ્રી / કેજીબીવી વોર્ડન કમ હેડ ટીચરની વિગતવાર જવાબદારી:</u>

- "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ બાબત ઈન્ટરેક્ટિવ વર્ગખંડ સેટઅપ માટે રૂમની ફાળવણી સીંગલ ફેઝ પાવર સપ્લાય સાથે કરવી.
- ઉચ્ચ પ્રાથમિક ધોરણોમાં ધો.૭ અને ધો.૮ માટેના એક-એક એમ કુલ ૨ (બે) વર્ગખંડોને ઈન્ટરેક્ટિવ સેટઅપ માટે ફાળવવા.
- કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (મોડેલ - ૩) હોસ્ટેલમાં ૧(એક) રૂમ ઈન્ટરેક્ટિવ સેટઅપ માટે ફાળવવો.
- "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ બાબત શાળાના મુખ્ય શિક્ષકશ્રી / વોર્ડન કમ હેડ ટીચર નોડલ પર્સન રહેશે અને ધો.૭ અને ધો.૮ના ઈન્ટરેક્ટિવ વર્ગખંડો માટે વર્ગખંડ દીઠ એક ઈન્ચાર્જ વર્ગશિક્ષક આસીસ્ટન્ટ નોડલ પર્સન રહેશે.
- આસીસ્ટન્ટ નોડલ પર્સન અને ટેક્નિકલ સર્વિસ પર્સન (TSP) સાથે સંપર્કમાં રહેવું.
- "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ બાબત શાળા કક્ષાએ TSPની હાજરીનું રજીસ્ટર, મેઈન્ટેનન્શ અને ફરિયાદ લોગ રજીસ્ટર, ઈન્ટરેક્ટિવ વર્ગખંડ સાધન-સામગ્રીના તાસવાર ઉપયોગ અંગેનું લોગ રજીસ્ટર નિભાવવું અને સર પ્રાઈઝ વિઝીટ કરવી.
- સાધન-સામગ્રીનું નિરીક્ષણ કરવું, આસીસ્ટન્ટ નોડલ પર્સન અને ટેક્નિકલ સર્વિસ પર્સનલ (TSP)નો રીવ્યુ લેવો.
- શાળા સમય દરમ્યાન દરેક તાસમાં જે તે વિષય શિક્ષક દ્વારા ઈન્ટરેક્ટિવ વર્ગખંડ સેટઅપનો અસરકારક ઉપયોગ થાય તે જોવું.
- ઈન્ટરેક્ટિવ વર્ગખંડોમાં આપવામાં આવેલ તમામ સાધનો કાર્યરત રહે તે માટે જે તે આસીસ્ટન્ટ નોડલ પર્સન અને નોડલ પર્સનની જવાબદારી રહેશે.
- જરૂર જણાય ત્યાં તાલીમ માટેનું આયોજન અને વ્યવસ્થા કરવી.

- ટેક્નિકલ સર્વિસ પર્સન (TSP) ની શાળામાં નિયમિત હાજરી અંગે મોનિટરીંગ કરવું.
- બંધ પડેલ અથવા ખામીયુક્ત સાધન-સામગ્રીની ફરીયાદ નોંધાવી તાત્કાલિક નિરાકરણ લાવવું.
- મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સીસ્ટમ અંતર્ગત મોબાઈલ અને / અથવા વેબ એપ્લીકેશન મારફત પ્રોજેક્ટની પ્રગતિની વિગતો ઓનલાઇન અપડેટ થાય તે સુનિશ્ચિત કરવું.
- ટેક્નિકલ સર્વિસ પર્સન (TSP) ની ભૂમિકા વિષય શિક્ષકોને ઈન્ટરેક્ટિવ વર્ગખંડ સાધન-સામગ્રીના ઉપયોગથી શૈક્ષણિક કાર્યમાં સહકાર આપવાની છે. કોમ્પ્યુટર વિષય શિક્ષણ માટે નથી તે બાબત ખાસ ધ્યાને લેવા વિનંતી.
- દરેક ઈન્ટરેક્ટિવ વર્ગખંડમાં ટેક્નિકલ સર્વિસ પર્સન (TSP) નું નામ અને ફોન નંબર તેમજ હેલ્પ ડેસ્ક ટોલ ફ્રી નંબર પ્રદર્શિત કરતું પત્રક મુકવું ફરજીયાત છે.
- શાળાને આપવામાં ઈન્ટરેક્ટિવ વર્ગખંડ સાધન-સામગ્રી બાળકોના શિક્ષણ કાર્ય માટે જ છે. શાળાના તમામ બાળકો જ્યારે પણ ઈન્ટરેક્ટિવ વર્ગખંડ સાધન-સામગ્રીનો ઉપયોગ કરવા માંગે તે સમયે તેમને ઉપયોગ કરવા દેવો.
- ઈન્ટરેક્ટિવ વર્ગખંડ સતત જીવંત રહે તે રીતે તમામ સાધન-સામગ્રીની જાળવણી કરવી તેમજ વર્ગખંડ સ્વચ્છ, સુઘડ રહે તથા બારી-બારણા મજબુત અને સુરક્ષિત હોય તે બાબત ખાસ જોવી.
- આપની શાળામાં આપવામાં આવેલ સાધન-સામગ્રી શાળાના બાળકો અને શિક્ષકો માટે છે. તેના સંભાળની સંપુર્ણ જવાબદારી SMC તથા શાળાના આચાર્યશ્રીની છે. આપેલ સાધનોની ચોરી ન થાય તે અંગે જરૂરી કાળજી લેવાની જવાબદારી SMC અને શાળાના આચાર્યશ્રીની છે.
- આપની શાળાના ઈન્ટરેક્ટિવ વર્ગખંડમાં આપવામાં આવેલ લેપટોપમાં ધો.૫ થી ૮ના તમામ અભ્યાસક્રમને આવરી લેતા ઈ-કન્ટેન્ટ ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. જેનો બાળકો અને શિક્ષકોએ મહત્તમ ઉપયોગ કરવો.
- ઈન્ટરેક્ટિવ વર્ગખંડમાં તાસ વાર તમામ વિષય શિક્ષકો આપેલ સાધન-સામગ્રીના સંકલિત ઉપયોગથી ઈ-કન્ટેન્ટ તેમજ ઇન્ટરનેટ પર ઉપલબ્ધ ફ્રી શૈક્ષણિક રીસોર્સીસનો જરૂરિયાત મુજબનો અસરકારક ઉપયોગ કરી શૈક્ષણિક કાર્ય કરાવે તેની SMC અને શાળાના આચાર્યશ્રીએ તકેદારી રાખવી.
- સાધન-સામગ્રી શાળા કક્ષાએ પહોંચાડવા અને ઈન્સ્ટોલેશનમાં વિલંબ, ખામીયુક્ત સાધન-સામગ્રી જો સમયસર રીપેર ન થાય, ટેક્નિકલ સર્વિસ પર્સન (TSP) જો ત્રણ માસના હેન્ડ-હોલ્ડિંગ સમયગાળા દરમ્યાન શાળા મુલાકાત ન લેતો તે માટે દંડની જોગવાઇ છે તે બાબત ધ્યાને લઇ શાળા કક્ષાએ થયેલ દરેક પ્રગતિની વિગતો ઓનલાઇન મોનિટરીંગ સીસ્ટમ અંતર્ગત ફરજીયાત જણાવવી. જેની શાળા કક્ષાએ સંલગ્ન રજીસ્ટરમાં નોંધ કરવી.

**<u>ફરિયાદ અને અન્ય બાબતો માટેના સંપર્ક:</u>**

એજન્સી દ્વારા ફરિયાદ નિવારણ માટે ફરિયાદ નિવારણ માળખા (Mechanism) ની રચના ગોઠવવામાં આવશે. જે અંતર્ગત જ્ઞાનકુંજ મોનિટરીંગ માટેની મોબાઇલ એપ્લીકેશન અને / અથવા વેબ એપ્લીકેશનમાં સાધન-સામગ્રીમાં ક્ષતિ તેમજ સોફ્ટવેર-હાર્ડવેર સમસ્યા અંગેની ફરિયાદ નોંધાવી શકાશે. જેથી વધુમાં વધુ

૩(ત્રણ) કાર્યદિનની અંદર ફરિયાદનું નિવારણ થઈ શકે. ફરિયાદ નોંધાવવા માટે એજન્સીના નામ અને સંપર્ક નંબર નીચે મુજબ છે:

| |
|---|
| **M/s. IL&FS Education & Technology Services Ltd**<br>303, Kaivanna Complex, Opposite Saffe, Building,<br>Near Amb Circle, Panchvati,<br>Ahmedabad, Gujarat - 380006<br>Phone: 079 4026 6301, 4026 6300<br>Email Id: iets.gujarathelpdesk@ilfdindia.com<br>**Toll Free Help Desk: 1800 120 7424** |

**ફરિયાદની પ્રતિક્રિયા ન મળે ત્યારે અને અન્ય વિવાદ માટે ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરવી:**

- ૩(ત્રણ) કાર્યદિનની અંદર ફરિયાદનું નિવારણ ન મળે તો પ્રોજેક્ટ મેનેજરશ્રી, M/s. IL&FS Education & Technology Services Ltd ને લેખિતમાં ફરિયાદની જરૂરી વિગત સાથે જાણ કરવી તેમજ પત્રની નકલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી, સર્વ શિક્ષા અભિયાનને પણ મોકલવી.
- "જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ અંતર્ગત કોઈ પણ ફરિયાદ અંગે સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી, સર્વ શિક્ષા અભિયાનને જાણ કરવા નીચે દર્શાવેલ ઈમેઈલ પર જાણ કરવી: gyankunjssa@gmail.com

આ પ્રોજેક્ટના અમલીકરણમાં શિક્ષકની ભૂમિકા કેન્દ્રસ્થાને છે અને આપના સહયોગ વિના પ્રોજેક્ટનું સફળ અમલીકરણ શક્ય નથી. આજના સ્પર્ધાત્મક યુગમાં સરકારી શાળાના બાળકો ટેકનોલોજી સાથે કદમ મીલાવી સાંપ્રત પ્રવાહ સાથે જોડાઈ અને બાળકોના જ્ઞાનમાં અભિવૃધ્ધિ થકી ગુણવત્તાયુકત શિક્ષણ પ્રાપ્ત કરુ તેવા ઉમદા ઉદ્દેશ્ય માટે આપના સહકારની અપેક્ષા સહ,

**નોંધ: આપશ્રીને આ સાથે સામેલ વિગતો અનુસાર કાર્યવાહી કરવા તથા આ પ્રોજેક્ટને જ્વલંત સફળતા મળે તે જરૂરી કાર્યવાહી કરવા સુચિત કરવામાં આવે છે.**

( સંદીપ કુમાર )

**નકલ રવાના જાણ તથા કાર્યવાહી સારૂં:**

- જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ. તમામ
- મદદનીશ જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને શાસનાધિકારીશ્રી, કોર્પોરેશન: અમદાવાદ, રાજકોટ, સુરત
- SMC અધ્યક્ષ તમામ વાયા બી.આર.સી, સી.આર.સી. કો.ઓર્ડિનેટર